# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ડિટર્જન્ટના વેપારી અને તેના પુત્રને છેતરપિંડીમાં ફિટ કરી દેવાનો ડર બતાવી રૂા. 5 લાખની માંગણી કરી

# મહુધામાં અઢી લાખની લાંચ લેતા વકીલ રંગેહાથ પકડાયો, પોલીસ કર્મચારી ફરાર

**અમદાવાદ ગ્રામ્ય**
એસીબીએ મહુધા ચોકડી પાસે છટકું ગોઠવી વકીલને ચોકડા રૂ. 2.50 લાખ સાથે પકડી પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

મહુધા પોલીસ સ્ટેશનના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને નડિયાદના વકીલે મળીને ડિટર્જન્ટ પાવડરના વેપારી અને તેના પુત્રને છેતરપિંડીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી અઢી લાખ રૂપિયાની લાંચ માંગી હતી. આ મામલે અમદાવાદ ગ્રામ્ય એસીબીની ટીમે મહુધા ચોકડી નજીક શ્યામ આર્કેડમાં દરોડો પાડી વકીલને રૂ. 2.50 લાખની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધો છે. જોકે, ટ્રેપ દરમિયાન લાંચિયો પોલીસ કર્મચારી સ્થળ પર હાજર ન હોવાથી તે ફરાર થઈ ગયો છે. એસીબીએ બંને વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ડિટર્જન્ટ પાવડરનો વેપાર કરતા એક નાગરિક, તેમના પુત્ર અને પાર્ટનરને મહુધા પોલીસ સ્ટેશનના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ જીલુભા ચાવડા અને નડિયાદના વકીલ જસ્ટિસ કાલિદાસ રોહિતે એક ષડયંત્રમાં ફસાવ્યા હતા. ગત 1લી ઓક્ટોબરના રોજ વકીલ જસ્ટિસે વેપારીના દીકરા અને પાર્ટનરને મહુધાના સ્થાનિક વેપારીઓ સાથે છેતરપિંડી કરી હોવાનો ડર બતાવ્યો હતો અને માલથી ભરેલા ટેમ્પા સાથે પોલીસ સ્ટેશનમાં બેસાડી દીધા હતા.

બીજા દિવસે, બીજી ઓક્ટોબરે જ્યારે વેપારી પોતે પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે એસેસઆઈ નરેન્દ્રસિંહે વકીલની હાજરીમાં જ ગુનો દાખલ ન કરવા અને મામલે સમાધાન કરવા માટે રૂ. 5 લાખની માંગણી કરી હતી. જોકે, વેપારી અને પોલીસકર્મી વચ્ચે લાંબી ચર્ચા અને રકઝક બાદ અંતે રૂ.અઢી લાખમાં સોદો પાકો થયો હતો.

જોકે, લાંચ આપવા માંગતા ન હોવાથી જાગૃત વેપારીએ તુરંત જ એસીબીના ટોલ ફ્રી નંબર 1064 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. તેના આધારે અમદાવાદ ગ્રામ્ય એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. ગોસ્વામી અને તેમની ટીમે 3 ઓક્ટોબરના રોજ મહુધા ચોકડી પાસે લાંચનું છટકું ગોઠવ્યું હતું.

#### શ્યામ આર્કેડમાં વકીલ લાંચ લેતા ઝડપાયો



એસીબીના પ્લાન મુજબ, મહુધા ચોકડી પાસે નાયરા પેટ્રોલ પંપની સામે આવેલ શ્યામ આર્કેડની ઓફિસ નંબર 24 માં લાંચની રકમ સ્વીકારવાનું નક્કી કરાયું હતું. ત્યાં વકીલ જસ્ટિસ રોહિત વેપારી પાસેથી રૂ. 2.50 લાખની લાંચ સ્વીકારી રહ્યો હતો ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ પકડી પાડ્યો હતો. એસીબીએ લાંચની પૂરેપૂરી રકમ કબ્જે કરી છે અને પકડાયેલા વકીલ તેમજ ફરાર એએસઆઈ સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરી છે.

### એસપી યુનિવર્સિટીનો ૬૮મો પદવીદાન સમારંભ ૧૫ ડિસેમ્બરે યોજાશે

# સરદાર પટેલ યુનિવર્સિટીના પદવી ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

**વંચિત રહી ગયેલા**
વિદ્યાર્થીઓ ૭થી ૯ ઓક્ટોબર સુધી ઓનલાઇન અરજી કરી શકશે




(પ્રતિનિધિ) આણંદ તા.૩

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૮મો વાર્ષિક પદવીદાન સમારંભ આગામી ૧૫મી ડિસેમ્બર ૨૦૨૬ના રોજ યોજાનાર છે. આ સમારંભમાં ડિગ્રી તેમજ પી.જી. ડિપ્લોમા સર્ટિફિકેટ મેળવવા માટે પદવી ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી તંત્ર દ્વારા ખાસ કિસ્સામાં ફોર્મ ભરવાની તારીખ લંબાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ ડિગ્રી અને પી.જી. ડિપ્લોમા પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે પદવી ફોર્મ ભરવાની અગાઉની છેલ્લી તારીખ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી. પરંતુ જે વિદ્યાર્થીઓ નિયત સમયમર્યાદામાં ફોર્મ ભરી શક્યા ન હતા, તેમના માટે યુનિવર્સિટી દ્વારા ખાસ કિસ્સામાં ૦૭મી ઓક્ટોબર ૨૦૨૬ થી ૦૯ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ફોર્મ ભરવા માટેની મુદત લંબાવવામાં આવી છે.

આ અંગે અરજી કરવા માટેની જરૂરી માર્ગદર્શિકા તેમજ નિયત ફી અંગેની તમામ વિગતો સરદાર પટેલ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઇટ (www.spuvvn.edu/students^corner/convocation^details) પરથી મેળવી શકાશે.

# નડિયાદમાં ૭.૮૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદ-ડાકોર રોડ પર કંજોડા ગામના પાટિયા નજીક આવેલી જય પોઈન્ટ હોટલ પાસે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમીના આધારે દરોડો પાડી રાજસ્થાનથી કારમાં લવાતો 7.81 લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડી પાડ્યો છે. આ દારૂ સલુણ ગામના લિસ્ટેડ બુટલેગર જીતુ તળપદાએ મંગાવ્યો હોવાનું ખુલ્યું છે.

પેટ્રોલિંગ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી હતી કે, મહુધા તરફથી આવતી કારમાં દારૂનો જથ્થો જઈ રહ્યો છે અને કંજોડા પાસે ડ્રાઈવરની અદલા-બદલી થવાની છે. એસએમસીની ટીમે વોચ ગોઠવી કાર આવતા જ દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ રાજસ્થાનથી કાર લઈને આવેલો ચાલક ખેતરાળું રસ્તે ભાગી છૂટ્યો હતો, જ્યારે કારની ડ્રાઈવિંગ સીટ પર બેસવા ગયેલા ઠાસરાના આગરવા ગામના અલ્પેશ અરવિંદ તળપદાને પોલીસે દબોચી લીધો હતો.

આ અંગેની તપાસમાં બુટલેગરોએ પોલીસથી બચવા કાર પર ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું અને અસલી નંબર પ્લેટ કારની અંદરથી મળી આવી હતી. પોલીસે 7,81,884ની કિંમતની દારૂ-બિયરની 3,324 બોટલ, કાર, બે એક્ટિવા અને બે મોબાઈલ મળી કુલ 20,71,884નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો રાજસ્થાનના ડુંગરપુરના બુટલેગર નીલેશ કલાલ ઉર્ફે નીલેશ મામાએ મોકલ્યો હોવાનું અને જીતુના સાગરીત જયંતિ તળપદાની પણ સંડોવણી હોવાનું ખુલ્યું છે. નડિયાદ રૂરલ પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### નેનપુરના નિઝામપુરામાં આવેલી 'સોનિક ફાયરવર્ક' ફેક્ટરીમાં વિકરાળ આગ

# મહેમદાવાદમાં ફટાકડા ફેક્ટરીમાં ભીષણ આગથી ૫ કામદાર દાઝ્યાં

**ધુમાડાના ગોટેગોટા**
દૂર દૂર સુધી દેખાયા; તમામ ઈજાગ્રસ્તો ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયાં



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

મહેમદાવાદ તાલુકામાં આવેલા નેનપુર ગામ પાસેની એક ફટાકડા ફેક્ટરીમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. રોજિંદા કામકાજ દરમિયાન અચાનક લાગેલી આ આગમાં ફેક્ટરીમાં ફરજ બજાવતા પાંચ કરતા વધુ કામદારો સીધા જ આગની ઝપેટમાં આવીને ગંભીર રીતે દાઝી ગયા છે. આ આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે કામદારોને બહાર નીકળવાનો પૂરતો સમય પણ મળ્યો ન હતો. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓ સારવાર હેઠળ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નેનપુર ગામના નિઝામપુરા વિસ્તારમાં 'સોનિક ફાયરવર્ક' નામે ફટાકડા બનાવતી ફેક્ટરી આવેલી છે. અહીં રોજિંદા કામકાજ દરમિયાન અચાનક જ કોઈ કારણસર આગ ભભૂકી ઉઠી હતી. ફેક્ટરીમાં ફટાકડાનો મોટો જથ્થો હાજર હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળતાં આસપાસના વિસ્તારમાં ભય અને દહેશતનો માહોલ છવાઈ ગયો હતો.

આ આગ લાગતા જ ફેક્ટરી પરિસરમાં ભારે અફરાતફરી સર્જાઈ હતી અને લોકો જીવ બચાવવા માટે આમતેમ દોડવા લાગ્યા હતા. બચાવ કામગીરી માટે બૂમાબૂમ થતાં આસપાસના સ્થાનિક લોકો અને અન્ય કામદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સ્થાનિકો દ્વારા આગમાં ફસાયેલા અને દાઝી ગયેલા કામદારોને તાત્કાલિક બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ ફેક્ટરીમાં ફાયર સેફ્ટી હતી કે કેમ ? તેનીતપાસ જરૂરી બની છે.

# સંતરામપુર પંથકની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું

**સંતરામપુર પોલીસે**
ગુનો નોંધી નરાધમ શખસની ધરપકડ કરી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૩

પંચમહાલ જિલ્લાના મોરવાહડફ તાલુકાના ભાથા ગામના એક શખ્સે સંતરામપુર પંથકની સગીર વયની કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી જઈ અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ ઘટના અંગે ફરિયાદ નોંધાતાં સંતરામપુર પોલીસે ગણતરીના દિવસોમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, મોરવાહડફ તાલુકાના ભાથા ગામે રહેતા અજયભાઈ વીરાભાઈ નાયક નામના શખ્સે ગત ૧૪મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૯:૦૦ વાગ્યાના સુમારે સગીરાનું અપહરણ કર્યું હતું. બાદમાં સગીરાને જુદી-જુદી જગ્યાએ લઈ ગયો હતો અને તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધો બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

આ અંગે ભોગ બનનાર સગીરાના પરિવારજનોને જાણ થતાં તેઓએ સંતરામપુર પોલીસ મથકે પહોંચી આરોપી વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સંતરામપુર પોલીસે આરોપી સામે અપહરણ તેમજ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો રજીસ્ટર કર્યો હતો. પોલીસે તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કરી અજયભાઈ નાયકની વિધિવત અટકાયત કરી તેને જેલહવાલે કર્યો છે.


### તસ્કરો 13 તોલા સોનું અને ચાંદીના દાગીના-વાસણોની ઉઠાંતરી કરી

# ચકલાસીમાં NRI દંપતીના બંધ મકાનમાંથી 3.09 લાખની ચોરી

**અમેરિકાથી પરત**
ફરેલા વૃદ્ધે ચકલાસી પોલીસમાં ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદ તાલુકાના ચકલાસી ગામની નાથાભાઈની ખડકીમાં રહેતા અને હાલ અમેરિકા ગયેલા વૃદ્ધ દંપતીના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ દરવાજાનો નકૂચો તોડી રૂ. 3,09,000 ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી છે. અમેરિકાથી વતન પરત ફરેલા મકાનમાલિકે આ અંગે ચકલાસી પોલીસ મથકમાં અજાણ્યા ચોરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ચકલાસી ગામમાં 'સત્કૈવલ બીજ ભંડાર' નામની દુકાન ચલાવતા 76 વર્ષીય જયંતીભાઈ શાંતિલાલ પટેલ અને તેમના પત્ની હંસાબેન ગત 9 ઓગસ્ટના રોજ ન્યૂયોર્ક ખાતે રહેતા તેમના પુત્ર દીપલકુમારને ત્યાં ગયા હતા. ગત 30 સપ્ટેમ્બરના રોજ રાત્રિના 12:30 થી સવારના 7:30 વાગ્યાના અરસામાં અજાણ્યા તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાની જાળી અને લોખંડના ગેટનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

આ મકાનમાં ચોરી થઈ હોવાની જાણ જયંતીભાઈના ભત્રીજા મોન્ટુ ઉર્ફે જીગ્નેશભાઈએ ફોન કરીને અમેરિકા કરી હતી. આથી 3 ઓક્ટોબરના રોજ સવારે જયંતીભાઈ દંપતી વતન પરત ફરતા ઘરનો સામાન વેરવિખેર હાલતમાં મળ્યો હતો. આ અંગે તપાસ કરતાં ઘરમાંથી 10 ગ્રામનો અછોડો, સોનાની બંગડીઓ, વીંટીઓ, કાનની બુટ્ટીઓ, ડાયમંડની વીંટી, હાર અને લક્કી મળી કુલ 13 તોલા સોનું, ચાંદીની બંગડીઓ, છડા, સિક્કા તેમજ ડીશ, વાડકી અને ચમચીનો સેટ મળી કુલ રૂ. 3,09,000 ના મુદ્દામાલની ચોરી અંગે ચકલાસી પોલીસે તસ્કરો સામે ગુનો નોંધીને તેમનું પગેરું દબાવવા કવાયત હાથ ધરી છે.

# ગોબલજ પાસે વાહનની અડફેટે યુવાનનું કરુણ મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

ખેડા તાલુકાના ગોબલજ ગામની સીમમાં કોકા કોલા કંપની સામે નેશનલ હાઈવે નંબર 48 પર શનિવારે મધરાતે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વડોદરાથી અમદાવાદ તરફ જતા માર્ગ પર ચાલતા જઈ રહેલા ઢંઢાલ ગામના 31 વર્ષીય યુવાનને અજાણ્યા વાહન ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ખેડા તાલુકાના ઢંઢાલ ગામના ભરવાડવાસમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા હરજીભાઈ ઉક્કડભાઈ ભરવાડના કાકાનો અપરિણીત દીકરો જકશીભાઈ લક્ષ્મણભાઈ સુસરા ભરવાડ (ઉં.વ. 31) શનિવારે રાત્રિના પોણા બે વાગ્યાના સુમારે ગોબલજ સીમમાં નેશનલ હાઈવે પર કોકા કોલા કંપની સામેના રોડ પરથી ચાલતો પસાર થઈ રહ્યો હતો. આ સમયે વડોદરા તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા કોઈ અજાણ્યા વાહનના ચાલકે રાહદારી જકશીભાઈને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત સર્જીને અજાણ્યો ડ્રાઈવર રાત્રિના અંધારાનો લાભ ઉઠાવી વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માત બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ખેડા પોલીસ મથકના જીઆરડી પ્રવીણભાઈ ડાભીએ હરજીભાઈને અકસ્માત અંગે જાણ કરી હતી. હરજીભાઈએ પોલીસ મથકે પહોંચી મોબાઈલમાં ફોટા અને વિડીયો જોઈ મૃતક પોતાના પિતરાઈ ભાઈ જકશીભાઈ હોવાની ઓળખ કરી હતી. આ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સની અર્ધ વાર્ષિક મિટિંગ યોજાઈ

**ડો. જીગર જાનીના**
અધ્યક્ષસ્થાને બેઠકમાં વેપાર-રોજગારના મુદ્દાઓ અંગે થઈ ચર્ચા



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩

પેટલાદમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની અર્ધ વાર્ષિક સભા આજરોજ યોજાઈ હતી. આ સંસ્થામાં છેલ્લા ઘણાં સમયથી બે જુથ વચ્ચે વિવાદો સર્જાયા છે. જેને લઈ જુના અને નવા હોદ્દેદારો અંગેનો કોયડો ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સમાં પેન્ડીંગ છે. આ દરમ્યાન આજરોજ જીગર જાની જુથના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી. જેમાં સક્રીય સભ્યો સાથે અનેક મુદ્દે ચર્ચા વિચારણા થઈ હોવાનું જાણવા મળે છે.

પેટલાદની એક ગાર્ડન હોટલમાં ચેમ્બર ઓફ કોમર્સની બેઠક યોજાઈ હતી. આ સભા ડો.જીગર જાનીના અધ્યક્ષ સ્થાને અને હસમુખભાઈ મિસ્ત્રીના અતિથી વિશેષ પદે યોજાઈ હતી. જેમાં શહેરના જુદા જુદા વ્યવસાયના અનેક વેપારીઓ ઉપસ્થિત હતા. પેટલાદના વેપાર - રોજગારનું હિત, વ્યવસાયિક પ્રશ્નો, સમસ્યાઓને અનુલક્ષીને અનેક મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ અરવિંદ ભાવસાર, મંત્રી હેનલ શાહ, ટ્રેઝરર અજય સુથાર, સહ મંત્રી રાજેશ પટેલ સહિત કારોબારી સભ્ય અનમોલ શાહ, હેત કાછિયા, નિકેત ત્રિવેદી, પાર્થ પટેલ, તુષાર સોની, નીલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેરના શ્રેષ્ઠી પ્રકાશભાઈ દેસાઈ, રાજુભાઈ અરોરા તથા નવનિયુક્ત કારોબારી સક્રિય પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

# નડિયાદના બ્રેઈનડેડ યુવાનના અંગદાનથી ૫ દર્દીઓને નવજીવન મળ્યું

**પરિવારે હૃદય**, લીવર, બે કિડની અને પેનક્રિયાસનું મહાદાન કર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદના 46 વર્ષીય યુવાન લખમણી મહેશને ગંભીર અકસ્માત નડ્યા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. પતિને ગુમાવવાના અસહ્ય દુઃખ અને કપરા સમયે તેમની પત્ની અમિતાએ અત્યંત સંવેદનશીલ અને હિંમતભર્યો નિર્ણય લઈને પતિના 5 અંગોનું દાન કરવાની મંજૂરી આપી હતી. આ મહાદાનના પરિણામે 5 ગંભીર દર્દીઓના જીવનમાં નવી આશાનો સંચાર થયો છે.

નડિયાદના રહેવાસી લખમણી મહેશ ગત 24મી સપ્ટેમ્બરના રોજ ગંભીર અકસ્માતનો ભોગ બન્યા હતા. નડિયાદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની નાજુક હાલતને જોતા 25 સપ્ટેમ્બરે વધુ સઘન સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કરાયા હતા.



તબીબોની સતત બે દિવસની ભારે જહેમત છતાં તબિયતમાં કોઈ સુધારો ન થતાં, અંતે 26 સપ્ટેમ્બરે તબીબી પ્રોટોકોલ અને રિપોર્ટ્સના આધારે ડોક્ટરોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

આ ઘટનામાં સૌથી વિશેષ અને પ્રેરણાદાયી પાસું પત્ની અમિતાની હિંમત અને તબીબી ટીમનું સમયસરનું કાઉન્સેલિંગ છે. યુવાન વયે પતિને બ્રેઈનડેડ જાહેર કરાતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. તે સમયે સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડોક્ટર જીનેન પંડ્યાએ આઘાતમાં સરેલા પરિવારજનો અને પત્ની અમિતા સાથે અત્યંત સંવેદનશીલતાથી ચર્ચા કરી અંગદાનથી અન્ય દર્દીઓને મળતા નવજીવનનું મહત્વ સમજાવ્યું હતું.

બીજો મહત્વનો એંગલ એ છે કે, દાનમાં મળેલા તમામ પાંચેય અંગોનું પ્રોસેસિંગ અને ટ્રાન્સપ્લાન્ટ સિવિલ મેડિસિટી કેમ્પસમાં જ ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યું હતું. જેમાં લીવર, બે કિડની અને પેનક્રિયાસને કેમ્પસમાં આવેલી કિડની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યારે હૃદયને સિવિલ કેમ્પસની જ યુ.એન. મહેતા હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યું હતું. આમ, એક પરિવારે સ્વજન ગુમાવવાની વેદના વચ્ચે લીધેલા હકારાત્મક નિર્ણયથી પાંચ અન્ય પરિવારોના આંગણે ખુશીઓ પરત ફરી છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225